


## વિષય : બાળ મનોવિજ્ઞાનનું પ્રાથમિક શિક્ષકો માટે મહત્વ

- ઉર્વશીબેન જાની
(ઈન્ચાર્જ આચાર્યા)

બાળ મનોવિજ્ઞાન એ શિક્ષકો માટે ખૂબ જ મહત્વપૂર્ણ વિષય છે.તે બાળકોના વિકાસ, વર્તન અને શીખવાની પ્રક્રિયાને સમજવામાં મદદ કરે છે.

➢ **બાળ મનોવિજ્ઞાનના મુખ્ય પાસાઓ :** બાળકોની ભાષા શુદ્ધિ, વ્યક્તિત્વ, વર્તણૂક, વાંચન, લેખન, રસપ્રેરક પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીનું કર્તવ્ય, યોગ્ય અયોગ્ય સમજ, સમાજમાં હળી મળીને રહેવું જેવા મહત્વના પાસાઓનો સમાવેશ થાય છે.

શિક્ષકો બાળ મનોવિજ્ઞાનના સિદ્ધાંતોને કેવી રીતે અમલમાં મૂકી શકે?




❖ **વ્યક્તિગત ભિન્નતા :** દરેક બાળક અનન્ય હોય છે, તેથી જરૂરિયાતોને સમજીને વ્યક્તિગત શિક્ષણ આપો.બાળ પ્રતિભાશોધ સ્પર્ધા, બાળ રમત ગમત સ્પર્ધા વગેરે અલગ અલગ સ્પર્ધાઓ યોજવી જેમાં તેમના વ્યક્તિત્વનો વિકાસ થાય છે.

❖ **સકારાત્મક પ્રોત્સાહન :** બાળકોને પ્રોત્સાહિત કરો અને તેમની સિદ્ધિઓની પ્રશંસા કરો.

❖ **સક્રિય શિક્ષણ :** બાળકોને સક્રિય રીતે શીખવા માટે પ્રોત્સાહિત કરો, જેમ કે પ્રયોગો, રમતો અને પ્રોજેક્ટસ ફક્ત ચોક ને ટોકનો ઉપયોગ ન કરતા કાવ્ય, વાર્તા વગેરે દ્વારા મૂલ્ય વૃદ્ધિ શિક્ષણ આપવું.

❖ **સહકારી શિક્ષણ :** બાળકોને ગ્રુપમાં પ્રવૃત્તિ આપી એકબીજા ને સહકાર આપી આગળ વધે તે માટે પ્રયત્નશીલ રહેવું.

❖ **સંવેદનશીલ શિક્ષણ :** બાળકોની ભાવનાઓને સમજો અને તેમની સાથે સંવેદનશીલ રીતે વર્તો. બાળકને જરૂરી પ્રેમ અને હુંફ પૂરી પાડવી.

❖ **પિતૃ સહયોગ :** વાલીઓ સાથે નિયમિત સંપર્ક રાખી બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રયાસ કરવો.

બાળ મનોવિજ્ઞાનનું જ્ઞાન શિક્ષકોને બાળકને વધુ સારી સમજવા અને તેમના શૈક્ષણિક અને સામાજિક વિકાસને સુધારવામાં મદદ કરે છે.

---



## Topic : Educational Research and its application in School

- Charulben Joshi
(Supervisor)

Educational Research plays a crucial role in shaping curricula, informing policy decisions, and enhancing the overall educational experience. It provides evidence-based insights that help educators address diverse learning needs and improve teaching strategies.

**Steps :** 1. Understanding Research Inquiry
2. Literature Review
3. Formulating Research Questions
4. Choosing Research Methodology
5. Interpreting Research Findings
6. Reporting Research Outcomes

**Conclusion :** From Inquiry to Insight-In conclusion, navigating the educational research process involves series of structured steps, from inquiry to insight.

**"No research without action, no action without research."**

**"Research is seeing what everybody else has seen and thinking what nobody else has thought."**

**ધ્યાન રાખો સફળતા એક દિવસમાં મળતી નથી. પરંતુ સતત મહેનત કરનારવ્યક્તિને એક દિવસ સફળતા ચોક્કસ મળે છે.**

**જે પત્થર નડતો હોય તેને જો પગથીયું બનાવતા આવડી જાય તો એ પત્થર મંઝીલ સુધી પહોંચાડી દે છે.**



# વિષય : નેતૃત્વ-લીડરશીલ

જીજ્ઞેશભાઇ જોષી
(આચાર્ય નોન ગ્રાન્ટેડ, ગુ.મા.)

આ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યકિત અથવા જૂથ અન્ય લોકોને સાચી દિશાનું માર્ગદર્શન આપે છે. પ્રેરણા આપે છે. નેતૃત્વનાં વિવિધ પ્રકારો હોઇ શકે છે. જેની આગળનાં પ્રત્યેક પ્રકારની આગવી શૈલી અને ગુણધર્મો હોય છે.

- **લીડરશીપનાં ગુણો :** ૧) ચર્ચા કરો, દલીલબાજી નહિં. નિવેડા પર આવો. ૨) સામેની વ્યકિતનું પણ મહત્વ છે. આ હકીકત સ્વીકારો., ૩) વચનો ભલે ઓછા આપો, પણ તેને પાળી બતાવો., ૪) જીભ ઉપરનો કાબૂ પાયાની બાબત છે., ૫) સહકાર, સહમતિ અને ટીમવર્ક આ ત્રણ ખૂબ જરૂરી છે.

- **લીડરશીપ અને મેનેજર વચ્ચેનો તફાવત :**

- લીડર ભવિષ્યની દૃષ્ટિ રજૂ કરે છે. જયારે મેનેજર વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- લીડર લોકોમાં પ્રેરણા જગાવે છે. જયારે મેનેજર કાર્ય અને નિયમોનું પાલન કરે છે.
- લીડર લાગણીય સમર્થન આપે છે. જયારે મેનેજર વ્યવસાયિક સંબંધો જાળવે છે.
- લીડર નવો વિચાર રજૂ કરે છે. જયારે મેનેજર વિધિઓનું પાલન કરે છે.
- લીડર વિકાસ માટે જવાબદાર છે. જયારે મેનેજર કાર્યની પૂર્ણતા માટે જવાબદાર છે.
- લીડર નવા રસ્તાઓ શોધે છે.જયારે મેનેજર સમસ્યાઓને ઉકેલવા માટે પધ્ધતિઓ અનુસરે છે.
- લીડર પરિવર્તન લાવે છે. જયારે મેનેજર સ્થિરતા લાવે છે.
- લીડર જોખવો લેવા માટે તૈયાર છે. જયારે મેનેજર જોખમોને ટાળે છે.
- લીડર અનુભવમાંથી શીખે છે. જયારે મેનેજર કાર્યકુશળતા પરથી શીખે છે.

**એક માણસ ૩૦ મિનિટ માટે ઉત્સાહી હોય છે, તો બીજો ૩૦ દિવસ માટે પણ જીંદગીમાં સફળ એ જ થાય છે જે ૩૦ વર્ષથી ઉત્સાહી છે.**

**સફળ વ્યકિત**

૧) બીજાના વખાણ કરે છે.
૨) બધાને માફ કરી દે છે.
૩) આદર્શ અને પ્રેરણાત્મક પુસ્તકો વાંચે છે.
૪) બધાને સફળ થવા જોવા ઇચ્છે છે.
૫) તેઓ હંમેશા જાણે છે કે તેને શું બનવું છે.
૬) સતત કંઇક નવું શીખતા રહે છે.
૭) પરિવર્તન લાવે છે.
૮) હંમેશા ખુશ રહે છે. અને ખુશીઓ વહેંચે છે.
૯) પોતાના વિચારો અને જ્ઞાનને વહેંચે છે.
૧૦) નવા આઇડિયાઝની વાતો કરે છે.
૧૧) રોજ કંઇક નવું વાંચે છે. અને નવું શીખતા રહે છે.
૧૨) પોતાની સફળતાનો શ્રેય પણ વહેંચે છે.
૧૩) હંમેશા બીજાનો આભાર માને છે.
૧૪) પુરાવાઓ અને ગણતરીનાં આધારે નિર્ણય લે છે.

**નિષ્ફળ વ્યકિત**

૧) બધાની ટીકા કરે છે.
૨) મનમાં દુશ્મની રાખીને બેસે છે.
૩) પુસ્તકો વાંચવાથી દૂર રહે છે. વાંચનની કિંમત નથી સમજતાં.
૩) પોતાની નિષ્ફળતાનું કારણ બીજાને બનાવે છે.
૪) બીજાને નિષ્ફળ જોવા માંગે છે.
૬) દરેક વાતને ફાયદા અને નુકશાનનાં દૃષ્ટિકોણથી જુએ છે.
૭) પોતાનું જ્ઞાન બીજા સાથે વહેંચતા નથી.
૮) માત્ર અધિકારની વાતો કરે છે.
૯) જીવનમાં બદલાવથી ડરે છે.





## પરિવાર

પરિવારમાં બંધારણ ન હોય પણ વ્યવસ્થા હોય,
સૂચન ન હોય પણ સમજણ હોય,
કાયદો ન હોય પણ અનુશાસન હોય.
ભય ન હોય પણ ભરોસો હોય,
શોષણ ન હોય પણ પોષણ હોય.
આગ્રહ કે દુરાગ્રહ ન હોય પણ આદર હોય,
સંપર્ક નહીં પણ સંબંધ હોય. અને સમજણ સાથે
સર્જન હોય, એ જ સાચો પરિવાર...